GJVD020014902025

<u>વડોદરાના ૧૩માં અધિક જ્યુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટ સમક્ષ</u>

**ફોજદારી કેસ નંબર–૧૧૭૨/૨૦૨૫**

**આંક–**

**ફરીયાદીઃ– શ્રી સરકાર**

**<u>વિરુદ્ધ</u>**

**આરોપીઃ– ભગવાનસિંઘ બાબુસિંઘ તોમર**

**ગુનોઃ– <u>પ્રોહીબીશન એક્ટની કલમ–૬૬(૧)(બી), ૮૫(૧) મુજબનો</u>.**

**– <u>ચુકાદો</u> –**

(૧) આ કામે આરોપી સામે **ધી ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ–૬૬(૧)(બી), ૮૫(૧)** મુજબનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે. આરોપીને સમન્સ કરતા આરોપી આજરોજ હાજર છે. આજરોજ સ્પેશિયલ સિટિંગના પાવર કોર્ટને આપવામાં આવેલ છે. આરોપીને ગુન્હા બાબતે પુછતાં, આરોપી પોતાની મરજી અને સ્વેચ્છાએ સદર ગુનો કબૂલ કરવાનું જણાવે છે અને તે બાબતે તેઓએ પોતાની ગુના કબૂલાત પુરસીસ પણ આ કામે રજુ રાખેલ છે તેની વિગતો વંચાણે લેતાં, આરોપી સ્વૈચ્છિક કબૂલાત કરતા હોવાનું ફલિત થાય છે. આરોપીનું આઈડેન્ટીફિકેશન કરવામાં આવેલ છે. આરોપી સામેનું ચાર્જશીટ જોતાં, આરોપીનો કોઈ ગુનાહિત ઈતિહાસ હોવાનું ફલિત થતું નથી.

(૨) આ કામે કેસના સંજોગો, આરોપીની કેફિયત અને તેની કૌટુંબિક જવાબદારીને ધ્યાને લેતા તથા આરોપી સ્વેચ્છાએ ગુનો કબૂલ કરતા હોય,

તે તમામ હકીકતોને ધ્યાને રાખતાં તેમજ આ કામે ગુનાની ગંભીરતા અને કાયદામાં ફરમાવેલ ગુનાની સજાની જોગવાઈને ધ્યાને લેતાં, ન્યુનત્તમ સજા બાબતની જોગવાઈ કરવામાં આવેલ હોવાનું જણાઈ છે. વધુમાં તે તમામ હકીકતની સાથે આરોપીની વર્તણૂંક અને તેઓની સામે અન્ય કોઈ ગુના નોંધાયેલ હોય તેવો કોઈ પુરાવો હાલ આ કામે ચાર્જશીટની સાથે રજુ રાખેલ ન હોય, તે તમામ હકીકત અને આરોપીની આર્થિક સ્થિતિ તેમજ કૌટુંબિક પરિસ્થિતિ અને જવાબદારીને ધ્યાને લેતા તેમજ **નામદાર વડી અદાલત ના ગુજરાત રાજ્ય વિરુદ્ધ નટવર હરચંદજી ઠાકોર (2005)** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતોને ધ્યાને લેતાં, કોર્ટ આરોપીને ન્યૂનતમ સજા કરતા પણ ઓછી સજા કરી શકવાને સક્ષમ છે, તેવા નામદાર વડી અદાલતના અવલોકન ધ્યાને લેતા અને હાથ પરના કેસના સંજોગો જોતાં, તે આ કેસમાં લાગુ પાડી શકાય તેમ હોવાનુ આ કોર્ટનું માનવું છે, જેથી આરોપીને કાયદામાં ફરમાવેલ ન્યુનત્તમ સજાને બદલે ઓછી સજા કરવામાં આવે તો, યોગ્ય અને ન્યાયોચિત જણાશે તેવું આ કોર્ટનું માનવું હોય, ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## **– <u>આખરી હુકમ</u> –**

➔ આ કામના આરોપીને **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૬૪** અન્વયે **ધી ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ–૬૬(૧)(બી), ૮૫(૧)** મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી, કોર્ટ ઉઠતા સુધીની સજા અને **રૂા.૨૦૦/–** (અંકે રૂપિયા બસો પુરા) દંડ પેટે ભરપાઈ કરવાનો હુકમ ફરમાવવામાં આવે છે અને જો આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો, **દિન–૦૫** ની સાદી કેદની સજાનો હુકમ ફરમાવવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ **૦૮ મી** માહે **માર્ચ,** સને **૨૦૨૫** ના રોજ **સ્પેશીયલ સીટીંગમાં** વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૮/૦૩/૨૦૨૫.
વડોદરા.
લોકઅદાલત.

**(એન.બી.શર્મા)**
૧૩માં અધિક જ્યુડી.મેજીસ્ટ્રેટ ફ.ક.,
વડોદરા.
**કોડ નંબર–જીજે ૦૧૭૨૮**